અમદાવાદ(ગ્રામ્ય)ના છઠ્ઠા મહે.જયુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. મીરજાપુર, અમદાવાદ.

ફોજદારી કેસ નં.:૯૬૭૪/૨૦૧૮
આંક:-

ફરીયાદી :- શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપી :- જીતેન્દ્રભાઈ ભાનુભાઈ વ્યાસ

**ગુનો : જુગારધારા કલમ-૧૨ મુજબ**

## ચુકાદો

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૮/૨૦૧૮ નાં રોજ કલાક ૧:૦૦ વાગ્યે મીરોલી ખાતે આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગારધારાની કલમ-૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આંક-___ થી આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી આંક-____ થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઇ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ____ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લીતા, આરોપીની વિરૂદધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

## <u>હુકમ</u>

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૫૦ × ૯ = ૪૫૦ /–(રૂપિયા ચારસો પચાસ પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદ્દામાલનો અપીલ સમય નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૩ માહે જુલાઈ સને ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૩/૦૭/૨૦૧૯
અમદાવાદ (ગ્રામ્ય)

છઠ્ઠા એડી. જ્યુડી મે.જી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.